# કચ્છના રણમાં ગુલાબી ધોમેડો પક્ષીઓના ઈંડાં ઉપર બુલ્ડોઝર ફરાવતાં કોન્ટ્રાક્ટર સામે રોષ

### સંરક્ષિત પ્રજાતિમાં આવતા ૪૦૦૦થી વધુ વિદેશી બચ્ચાંના જીવ ઉપર જોખમ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

કચ્છના રણમાં ગુલાબી ધોમેડો પક્ષીઓના ઈંડા ઉપર બુલ્ડોઝર ફરાવતાં સમગ્ર રાજ્યના પક્ષી પ્રેમીઓમાં રોષ ચરમ સીમાએ છે. ગાંધીનગર સમાચાર દ્વારા આપેલી જાણકારી મુજબ ગુલાબી ધોમેડોને અંગ્રેજીમાં સ્લેન્ડર બિલેર્ડ ગુલ તરીકે ઓળખાય છે. ધોમેડો જાતીનું પક્ષી બતકના જેટલું કદ ધરાવે છે. ઉત્તર-દક્ષિણ આળીકા અને યુરોપથી આ પક્ષીઓ હજારોની જે ઘણાં વર્ષો બાદ બનેલી ઘટના છે. ઘણીવાર માનવીની વિસ્તારવાદી પ્રવૃત્તિના કારણે આવી સંવેદનશીલ અને સંરક્ષિત પ્રજાતિઓને ખુબ મોટી નુકસાની ભોગવવી પડે છે. રોડ નિર્માણના કામમાં ધોમેડો પક્ષીઓના



કચ્છથી તેનો ગ્રાઉન્ડ રિપોર્ટ મેળવવામાં આવ્યો છે જેમાં કચ્છના મોટા રણમાં યુરોપથી આવતા ગુલાબી ધોમેડો પક્ષીઓની મોટી વસાહત છે. અગાઉ કોરોનાના કારણે રોડનું કામ શરૂ થઈ શક્યું ન હતું કોન્ટ્રાક્ટર દ્વારા રોડનું કામ હાથ ઉપર લેવામાં આવ્યું તે અગાઉ નજીકમાં જ માટીનો રોડ બનાવી ધોમેડો પક્ષીઓના ઈંડાં અને બચ્ચાંને રોડ ઉપર ખસેડવામાં આવ્યાં પરંતુ હવે તેમના ઉપર જંગલી પ્રાણીઓ શિકાર કરવાની દહેશત ઉભી થઈ છે. આ સંજોગોમાં ૪૦૦૦થી વધુ વિદેશી પક્ષીઓના બચ્ચાંના જીવ ઉપર જોખમ ઉભું થયું છે.

પક્ષી પ્રેમી બાયડના યુવાને સંખ્યામાં ઉડીને પશ્ચિમ ભારતના કચ્છ, જામનગર અને દક્ષિણ પાકિસ્તાનના પ્રાંતોમાં ખારા સરોવરો, ખારી પ્રદેશો, અખાતમાં પોતાની સંવર્ધન ભૂમિ બનાવે છે. ખાસ કરીને શિયાળામાં આ પક્ષીઓ આવતા હોય છે. ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં ઈંડાં મૂક્યા બાદ ૨૫ દિવસ સુધી તેનું સેવન થાય છે અને બચ્ચાં બહાર આવ્યા બાદ બીજા ૨૫ દિવસમાં પુખ્ત બનતા હોય છે. વર્ષ-૨૦૨૦માં કચ્છમાં વરસાદ સારો પડ્યો હોવાથી આ વર્ષે કચ્છના રણમાં પાણી ભરાવવાના કારણે ત્યાં છીછરા તળાવો નિર્માણ પામ્યા. આ વર્ષે ઘણી મોટી સંખ્યામાં ગુલાબી ધોમેડા અહીં સ્થળાંતરીત થયા હતા ઈંડાં અને બચ્ચાં અવરોધરૂપ હતા જેથી કોન્ટ્રાક્ટરે ભલે જીવદયા દાખવવાના ભાગરૂપે માટીનો રોડ બનાવી ઈંડાં-બચ્ચાંનું ત્યાં સ્થળાંતર કર્યું પરંતુ જે રીતે ધોમેડો પક્ષીએ માળા બનાવ્યા હતા તેવા માળાનું અસ્તિત્વ રહ્યું નથી અને તમામ ઈંડાં અને બચ્ચાં શિકારીઓના હાથે નષ્ટ થવાની નોબત આવી છે. પક્ષીઓના અભ્યાસુ યુવાને જણાવ્યું કે ધોમેડો જાતિના પક્ષી ખોરાક તરીકે માછલી, અપૃષ્ઠવંશી દરિયાઈ પ્રાણીઓ ખાય છે. આઈ.યુ.સી.એન. કેટેગરીમાં આ પક્ષી લીસ્ટ કોન્સર્ન એટલે કે ઓછામાં ઓછી સંખ્યામાં ગુજરાતમાં જોવા મળે છે આથી તે સંરક્ષિત પ્રજાતિમાં આવે છે.



**ધનસુરામાં હોળી ધૂળેટીને લઈ લોકો બજારમાં ખરીદી માટે ઉમટ્યા હતા**

ધનસુરામાં હોળી ધૂળેટીના તહેવારમાં લોકો બજારમાં ખરીદી માટે ઉમટ્યા હતા લોકોએ ધાણી, ખજૂર, કલર, પતાસાની ખરીદી કરી હતી. હોળી ધૂળેટીના તહેવારમાં ધાણી, ખજૂર, પતાસા ખાવાનો મહિમા છે. સાથે હોળી પ્રગટાવાય ત્યારે ધાણી, ખજૂર પધરાવી હોળીની પ્રદક્ષિણા કરવામાં આવે છે. સાથે ધૂળેટી માટે કલરની પણ લોકોએ ખરીદી કરી હતી. જેને લઈને ધનસુરાના મુખ્ય બજારમાં લોકો ખરીદી માટે ઉમટ્યા હતા.

# બાયડ તાલુકાના તેનપુર નજીક બાઈક ટકરાતાં બે'ના મોત, પાંચને ગંભીર ઈજા

### હોળી પર્વ માતમમાં ફેરવાયુ, મૃતકો દહેગામ તાલુકાના

ફાગણી પૂનમ હોળીના દિવસે પણ અરવલ્લીના માર્ગો ઉપર યમદૂતની હાજરી જોવા મળી. રવિવારે પવિત્ર યાત્રાધામ બાયડ તાલુકાના દિપેશ્વરી ધામ દર્શન કરવા આવેલા દહેગામ તાલુકાના ભાટઈ અને સલ્કી ગામના યુવાનો બાઈક લઈ પરત દહેગામ તરફ જતા હતા ત્યારે તેનપુર નજીક બે બાઈક સામ સામે ટકરાઈ પડતાં ૨ ના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા, જ્યારે બાળકી સહીત અન્ય ૫ જણને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. દુર્ઘટનાની જાણ થતાં આંબલિયારા પોલીસ બનાવ સ્થળે પહોંચી હતી. ગમખ્વાર અકસ્માત પછી અડધો કલાક ટ્રાફીક જામની સ્થિતિ જોવા મળી.

ઉનાળો શરૂ થતાં જિલ્લામાં યમદૂતે દાંત કચ કચાવવાની શરૂઆત કરી છે. દરરોજ માર્ગ અકસ્માતમાં ૨ થી ૩ જણના મોત નિપજી રહ્યા છે. રવિવારે પૂનમ તેમજ હોળી હોવાથી દહેગામ તાલુકાના ભાટઈ અને સલ્કી ગામના યુવાનો દિપેશ્વરી ધામ દર્શને આવ્યા હતા. ત્યાં દર્શન કરી પરત ગામ તરફ જતાં રસ્તામાં યમદૂત ભેટ્યો હોય તેમ બે બાઈકો ધડાકાભેર અથડાતા સ્થળ ઉપર બન્ને યુવાનોના મોત નિપજ્યા હતા. ભાટઈ ગામે યુવાનોના મોતની જાણ થતાં હોળી પર્વ માતમમાં ફેરવાયુ હતુ જ્યારે ઈજાગ્રસ્તોને તાત્કાલીક જીતપુર આરોગ્ય કેન્દ્ર તથા વાત્રક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

### રેન્જ આઈજીનો નિર્ણય

# અરવલ્લીમાં દારૂનો વેપલો કરનાર ભાગેડુ પીઆઈ સસ્પેન્ડ

### જિલ્લાના અનેક બુટલેગરો પાસેથી લાખો રૂપિયા ખંખેર્યાની લોક ચર્ચા, કોલ ડીટેઈલ્સની તપાસમાં વિલંબ કેમ

બાયડ, તા. ૨૮

અરવલ્લી એલસીબી પીઆઈ તથા સ્ટાફના ૨ પોલીસ કર્મી દારૂનો વેપલો કરતા હોવાની વિગતો સામે આવ્યા પછી પીઆઈ આર.કે. પરમાર ફરાર થઈ ગયા હતા. લાંબા સમયથી તે ભાગેડુ રહેતાં રેન્જ આઈજી દ્વારા સસ્પેન્ડ કરાતાં પોલીસ બેડામાં સનસનાટી મચી છે. સસ્પેન્ડ પીઆઈ પરમારે બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, મોડાસાના બુટલેગરો પાસેથી લાખો રૂપિયા ખંખેર્યાની લોકચર્ચા છે. સ્થાનિક જિલ્લા પોલીસની ઉદાસીનતાથી પોલીસની આબરૂનું ધોવાણ થતાં છેવટે રેન્જ આઈજી દ્વારા ભાગેડુ પીઆઈને સસ્પેન્ડ કરાયા છે.



અરવલ્લી પોલીસ હપ્તાની મોહજાળમાં દારૂના બુટલેગરો, કેરી પરોને છાવરતી હોવાના આક્ષેપ છે. અગાઉ શામળાજી પોલીસ દ્વારા જપ્ત કરાયેલ વિદેશી દારૂની ચોરી પ્રકરણના પણ પોલીસની ભૂંડી ભૂમિકા સામે આવતાં જિલ્લાની પ્રજાને પોલીસ ઉપર ભરોસો રહ્યો નથી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમ્યાન ખુદ એલસીબી પીઆઈ પરમાર તથા તેમના વહીવટદાર કમ પોલીસકર્મીની સંડોવણી બહાર આવતાં ૨ પોલીસ કર્મીની ધરપકડ કરી સસ્પેન્ડ કરાયા હતા. પરંતુ મુખ્ય સૂત્રધાર પીઆઈ આર.કે. પરમાર ધરપકડ ટાળવા ભાગી છૂટ્યા હતા. જિલ્લાની બાહોશ પોલીસ ભાગેડુ એલસીબી પીઆઈને ન ઝડપી શકતાં તળીયાથી ટોચ સુધી સંડોવણીની આશંકા ઉભી થઈ છે. છેવટે ગાંધીનગર રેન્જ આઈ.જી. દ્વારા ભાગેડુ અરવલ્લી એલસીબી પીઆઈને સસ્પેન્ડનો આદેશ કર્યો છે. આગામી દિવસમાં અરવલ્લી પોલીસનું મોટુ કૌભાંડ પ્રકાશમાં આવે તો આશ્ચર્ય પામશો નહી.

# અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન પદે રમેશભાઈ પટેલની નિયુક્તિ

### શિક્ષણક્ષેત્ર સાથે છેલ્લા ૨૨ વર્ષથી સંકળાયેલા હોવાથી પ્રાથમિક શિક્ષકોની મુશ્કેલી સમજશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

અરવલ્લી જિલ્લા પંચાયતની વિવિધ કારોબારી સમિતિઓની જાહેરાત થઈ છે ત્યારે મહત્વની અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિના ચેરમેન પદે બાયડ તાલુકાના જૂનીવાસણી ગામના વતની અને દિપેશ્વરી હાઈસ્કુલ-ચોઈલામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા રમેશભાઈ કેશવલાલ પટેલની નિયુક્તિ થઈ છે. શિક્ષણક્ષેત્ર સાથે છેલ્લા ૨૨ વર્ષથી સંકળાયેલા હોવાથી જિલ્લાના ૫૨૦૦ પ્રા.શિક્ષકોની પાયાની મુશ્કેલી તેઓ આસાનીથી સમજી શકશે તેવી પ્રા.શિક્ષકોને અપેક્ષા છે.

અરવલ્લી જિલ્લા પંચાયતની મુદત પૂર્ણ થતાં ગત મહિને ૩૦ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાઈ જેમાં ભાજપે ઐતિહાસિક ૨૫ બેઠકો મેળવી અરવલ્લી જિલ્લા પંચાયત ઉપર ભાજપનો ભગવો લહેરાવ્યો હતો. પ્રમુખ-ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ, પક્ષના નેતા અને દંડકની નિયુક્તિ પછી વિવિધ કારોબારી સમિતિની નિયુક્તિમાં કોનો નંબર લાગશે તેની અનેક અટકળો ચાલી રહી હતી. ગત રોજ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં વિવિધ સમિતિઓના સભ્યોની નિયુક્તિ



કરવામાં આવી છે. જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે બાયડ તાલુકા ઉપર પસંદગી ઉતારી ઉંટરડા જિલ્લા પંચાયત બેઠક ઉપરથી વિજેતા બનેલા ભાજપના રમેશભાઈ પટેલની નિયુક્તિથી બાયડ તાલુકામાં ખુશાલી જોવા મળી હતી.

### વન વિભાગ ઘોર નિંદ્રામાં

# માલપુર તાલુકાના જેસીંગપુર અને સોનારીયા જંગલ વિસ્તારમાં આગ

### આગ લગાડી કે પછી આકસ્મીક ભભૂકી..!!

બાયડ, તા. ૨૮

અરવલ્લી જિલ્લામાં અનેક જંગલ વિસ્તારમાં આગ ભભુકી રહી છે છતાં વન વિભાગ ઘોર નિંદ્રામાં હોય તેવી સ્થિતિ છે. માલપુર તાલુકાના જેસીંગપુર અને સોનારીયાના જંગલ વિસ્તારમાં આગ લાગતા વન વિભાગના કર્મીઓ દોડતા થયા છે. ખરેખર આકસ્મીક આગ લાગી કે પછી વનીકરણ યોજનાનું ભોપાળુ ઢાંકવા આગ લગાડી છે..!! તેની તપાસ થવી જરૂરી છે.

બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ વન વિભાગના અનેક અધિકારીઓએ કોંગ્રેસના અગ્રણી સાથે મળી કેટલોક ભ્રષ્ટાચાર આદર્યાનો ગત વર્ષે આક્ષેપ કરી તપાસની માંગ કરી હતી. જ્યારે આ વિસ્તારમાં લીલા વૃક્ષોનું ગેરકાયદે નિકંદન થઈ રહ્યુ છે જેથી પર્યાવરણ પ્રેમી લોકોમાં પણ રોષ છે ત્યારે



એકાએક માલપુરના જંગલ વિસ્તારમાં લાગેલી આગ આકસ્મીક હોય તો પણ અનેક સવાલ ઉભા કર્યા છે.

### ઉના ઉના વાયરા... બાયડ ૪૧ ડિગ્રી ગરમીથી ધગ ધગ્યુ

### પ્રજા ઘરમાં પુરાઈ, ઉનાળાનું સર્વાધિક તાપમાન



બાયડ, તા. ૨૮

ઉનાળો આકરો થયો છે. રવિવારે જિલ્લામાં હિટવેવનું મોજુ ફરી વળ્યુ છે. બાયડમાં વર્તમાન ઉનાળાનું સર્વાધિક ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. જેના કારણે બાયડની ધરતી ધગધગી હતી. બપોર થતાં રસ્તા-બજાર સુમસામ જોવા મળ્યા. મકાનોના ધાબા ઉપર મુકેલ પાણીની ટાંકીમાંથી પણ ઘર વપરાશનું પાણી હાથ દઝાડે તેટલુ ગરમ જણાયુ હતુ.

માર્ચના અંતમાં ગરમી પ્રકોપ હાવી થયો છે. કોરોના સામે બાથ ભીડતી પ્રજાને હવે અસહ્ય ગરમીનો સામનો કરવાની નોબત આવી છે. સતત બીજા દિવસે બાયડમાં તાપમાનનો પારો ઉંચકાતા મુંગા પશુઓ છાંયડો શોધતા જોવા મળ્યા હતા. આજે બાયડમાં તાપમાનનો પારો ૪૨ ડીગ્રીને આંબવાની આગાહી છે.

# કૃષિ કાયદાના વિરોધમાં શરૂ થયેલુ ખેડૂત આંદોલન ગુજરાતમાં પ્રવેશી રહ્યુ છે : શંકરસિંહ વાઘેલા

### આગામી ૪ એપ્રિલના રોજ રાકેશ ટિકેત યાત્રાધામ અંબાજી માં અંબાના દર્શન કરી જિલ્લાના ખેડૂતોની રજૂઆત સાંભળશે

પાલનપુર

રાજ્યના પૂર્વ મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલા શનિવારે બનાસકાંઠાની મુલાકાતે આવ્યા હતા.અને ખેડૂતો સાથે બેઠક કરી હતી.તેમજ કૃષિ કાયદાના વિરૂધ્ધ શરૂ થયેલુ આંદોલન રાજસ્થાન તરફથી બનાસકાંઠા તરફ આવી રહ્યુ છે.તેમજ આગામી ૪ એપ્રિલે રાકેશ ટિકેત યાત્રધામ અંબાજી ખાતેમાં અંબાના દર્શન કરી બનાસકાંઠાના ખેડૂતો સાથે બેઠક કરી તેમની સમસ્યાઓને વાચા આપશે.તેમજ બનાસકાંઠાના ખેડૂતો જે બટાકા રોડ પર નાખી રહ્યા છે.તે બટાકા રાકેટ ટિકેત મારફત વડાપ્રધાન સુધી પહોંચાડવામાં આવશે.

રાજ્યના પૂર્વ મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલાએ શનિવારે બનાસકાંઠાની મુલાકાત લીધી હતી.અને પાલનપુર સર્કીટ હાઉસ ખાતે જિલ્લાના ખેડૂત આગેવાનો સાથે બેઠક કરી ખેડૂતોના ખેતી લગતા પ્રશ્નો અંગેની માહિતી મેળવી હતી.

સરકારના કૃષિ કાયદા રદ કરવાની માંગ સાથે જુદા-જુદા રાજ્યમાં શરૂ થયેલું ખેડૂત આંદોલન હવે ધીરે ધીરે સમગ્ર દેશમાં ફેલાઈ રહ્યું છે જે અંતર્ગત આગામી તા. ૪ અને ૫ એપ્રિલે ખેડૂત આંદોલનના આંદોલનકારી નેતા રાકેશ ટીકેત બનાસકાંઠામાં મા અંબાના દર્શન કરી ગુજરાતમાં પણ આંદોલનની શરૂઆત કરવાના છે.જે આંદોલન ની પૂર્વ તૈયારીના ભાગરૂપે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા શનિવારે પાલનપુર આવ્યા હતા. અને સ્થાનિક ખેડૂત અગ્રણીઓ સાથે બેઠક કરી હતી.

કૃષિ કાયદાના વિરોધમાં શરૂ થયેલું ખેડૂત આંદોલન હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હોમસ્ટેટ ગુજરાતમાં શરૂ થવાની તૈયારીમાં છે અને આગામી તા.૪ અને ૫ એપ્રિલએ ખેડૂત આંદોલનના આંદોલનકારી નેતા રાકેશ ટીકેટ ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે.રાકેશ ટીકેત પ્રથમ બનાસકાંઠામાં મા અંબાના દર્શન કરી પાલનપુર સભા યોજવાના છે.જે આંદોલનની તૈયારીના ભાગરૂપે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા પાલનપુર ખાતે આવ્યા હતા અને સર્કિટ હાઉસ ખાતે બનાસકાંઠાના સ્થાનિક ખેડૂત નેતાઓ સાથે બેઠક કરી હતી.જેમાં બનાસકાંઠા જિલ્લામાં પણ ખેડૂતોની હાલત ખૂબ જ કફોડી છે ખેડૂતોના વિવિધ પ્રશ્નો મામલે પણ અગાઉ સરકારમાં અનેકવાર રજૂઆત કરી હોવા છતાં પણ કોઈ ઉકેલ આવતાં નથી ત્યારે આવા ખેડૂતો ની વેદના પણ આંદોલનકારી નેતા રાકેશ સાંભળશે તેમ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ.

# રખિયાલ પાસે ડાલુ જીપે બાઈક પર જતા બે ભાઈઓને ફંગોળ્યા

### ૧નું મોત, ૧ની હાલત ગંભીર, અકસ્માત કરી ભાગવા જતાં ડાલુ પલ્ટ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

મોડાસા તાલુકાના રખિયાલ નજીક ડાલુજીપ ચાલકે બાઈકને ટક્કર મારતાં રસ્તા પર ફંગોળાયેલા ૨ ભાઈઓ પૈકી ૧ નું મોત નિપજ્યું હતું. મોતની દુર્ઘટનાથી નાનીઈસરોલ ગામમાં માતમ છવાયો હતો. અકસ્માત સર્જ્યા પછી વાહન ચાલકે રસ્તામાં બળદગાડાને ટક્કર માર્યા પછી આગળ જઈને વાહન પલટતાં ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસે ડાલુ ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઝાહેવારો સમયે માર્ગો ઉપર યમદૂતે ધામા નાખી દીધા છે. વાહનોની અવર જવરમાં વધારો થતાં એક જ પરિવારના ભાઈઓ દુર્ઘટનાનો ભોગ બનતા હોવાથી માતમ છવાયો છે. મોડાસા તાલુકાના નાનીઈસરોલ ગામના પ્રકાશ તરાર અને ભાઈ અજમેલ તરાર તા.૨૬ના રોજ રાત્રિના ૮-૩૦ કલાકે રખિયાલ થી કેશાપુર જતા રોડ ઉપર પસાર થતા હતા જે સમયે સામેથી આવતી ડાલુજીપ(નં.જી.જે.-એવી-૬૯૦૫)ના ચાલકે ટક્કર મારી બાઈકને દૂર ફંગોળી નાખતાં બંન્ને ભાઈ રોડ ઉપર પટકાતાં માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થઈ હતી.

ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયેલા ૨ ભાઈ પૈકી પ્રકાશ તરારનું મોત નિપજ્યું હતું. જ્યારે અજમેલ તરારની હાલત ગંભીર બતાવાઈ રહી છે. બાઈકને ટક્કર માર્યા પછી ડાલુજીપ ચાલકે સ્થળ ઉપરથી પૂરઝડપે ભાગી છૂટવાનો પ્રયાસ કર્યો હતો જેમાં રખિયાલ ગામમાં બળદગાડાને ટક્કર મારી સ્ટીયરીંગ પરનો ચાલકે કાબુ ગુમાવતાં મંદિર નજીક ડાલુજીપ ઉંધું વળતાં રાત્રે લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં જ્યારે ભીડનો ફાયદો ઉઠાવી આરોપી ચાલક સ્થળ ઉપરથી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ડાહ્યાભાઈ તરારની ફરિયાદના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.

## સ્થિતિ ગંભીર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્રએ રાજ્યોને કહ્યું કે પ્રભાવી નિષેધ અને સંપર્કમાં આવેલા લોકોની તલાશ સહિત ૪૬ દિવસોમાં ઓછામાં ઓછા ૧૪ દિવસ સુધી કડક કાર્યવાહીની ભલામણ કરાય છે જેનાથી સંક્રમણની ચેન તૂટે. કેન્દ્રએ કોવિડ ૧૯ની પ્રભાવી રોકથામ તથા મેનેજમેન્ટના સંદર્ભમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે પાંચ સ્તરની રણનીતિ બનાવી છે. રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને કોવિડ ૧૯ તપાસની સંખ્યામાં વ્યાપક વધારો કરવાનું કહેવાયું છે. જેમાંથી ૭૦ ટકા તપાસ આરટીપીસીઆરથી કરવાની કોશિશ કરવાનું કહેવાયું છે. રાજ્યોને પ્રભાવી આઈસોલેશન અને સંપર્કમાં આવેલા લોકોની ઓળખ માટે પ્રભાવી પગલાં લેવાનું કહેવાયું છે. મંત્રાલયે કહ્યું કે શરૂઆતના ૭૨ કલાકની અંદર પીડિતના સંપર્કમાં આવેલા સરેરાશ ૩૦ ટકા લોકોની ઓળખ બાદ તેમને આઈસોલેશનમાં મોકલવામાં આવે.

## સતત બીજા દિવસે

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા કુલ કોરોના કેસના ૭૯.૫૭ ટકા કેસ આ રાજ્યોમાંથી જ નોંધાયા છે. સ્થિતિ ખૂબ જ ગંભીર બની રહી હોવાથી અનેક રાજ્યોએ આકરા પગલા ભરવાનું શરૂ કરી દીધું છે.

મહારાષ્ટ્રમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા હોવાથી ઉદ્ધવ સરકારે મિની લોકડાઉન લાગુ કર્યું છે. સરકારે પ્રદેશમાં આજથી એટલે કે, રવિવારથી ૧૫ એપ્રિલ સુધી રાતે ૮:૦૦ વાગ્યાથી સવારના ૭:૦૦ વાગ્યા સુધી કર્ફ્યુની જાહેરાત કરી છે. આ સમયગાળા દરમિયાન મોલ, બાર, રેસ્ટોરા, મલ્ટીપ્લેક્સ, ઉદ્યાન-પાર્ક, સિંગલ સ્ક્રીન થિયેટર્સ, દરિયા કિનારા અને સાર્વજનિક સ્થળો સંપૂર્ણપણે બંધ રહેશે.

## હિલચાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના લેબર બજેટને પણ મંજૂરી માટે રજુ કરવામાં આવનાર છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૮ હજાર પરિવારોને મનરેગામાં રોજગારી આપવાના લક્ષ્યાંક સાથેનું આ બજેટ તૈયાર કરવામાં આવ્યુ છે.

આ પ્રથમ અને ખાસ બેઠક હોવાથી પ્રશ્નોત્તરીનો સમય રાખવામાં આવ્યો નથી. કોંગ્રેસ કોરોનાની ગ્રામ્ય વિસ્તારમાં સ્થિતિ અને વેક્સીનેશન સહિતના મુદ્દાઓ ઉપસ્થિત કરવાના મૂડમાં જરૂર છે. ગ્રામીણ વિસ્તારમાં ટેસ્ટીંગ કરવામાં પણ તંત્રની ઉદાસીનતાને લઈ કોંગ્રેસ દ્વારા હલ્લાબોલ કરવામાં આવે તેવી શક્યતાઓના નિર્દેશ મળે છે. જિલ્લા પંચાયતમાં ભાજપની ૧૯ બેઠકો છે અને કોંગ્રેસની ૯ બેઠકો છે. જો કે કોંગ્રેસ ભાજપને ભીડવવાની એક પણ તક જતી કરવાના મૂડમાં નથી.

## સેક્ટરોમાં હોળી દહન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંક્રમણ વચ્ચે કોઈ ભીડ ભાડ ન થાય તે માટે નિયત જગ્યાએ જ હોળી દહન કરાયુ હતુ. વનતંત્ર દ્વારા આ માટે લાકડાનુ વેચાણ કરવા માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. સે-૩ માં પણ સાંજ પડતા જ હોળી દહનના કાર્યક્રમની તૈયારી કરી દેવામાં આવી હતી. સેકટરવાસીઓએ ભીડ ભેગી ન થાય તે મુજબ હોળી દર્શન કર્યા હતા. સે-૭ સી માં પણ હોળી દહન દરમિયાન ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. કપુર અને શ્રીફળ હોળીમાં પ્રગટાવી વાતાવરણમાં તંદુરસ્તી આવે તે માટે પ્રાર્થના કરી હતી. સે- ૨ માં પણ સે-૭ ની જેમ વૈદિક હોળી પ્રગટાવામાં આવી હતી. વૈદિક હોળીના ટ્રેન્ડ વચ્ચે નાગિરકો હવે આરોગ્યની સાથે પર્યાવરણ મામલે પણ જાગૃત થયા છે. ત્યારે વૈદિક હોળીની ઉજવણીના માધ્યમથી નગરજનોને પર્યાવરણ બચાવોનો સંદેશો આપ્યો હતો. સેકટરોમાં હોળી દહનનો કાર્યક્રમ શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થયો હતો જયારે સેકટરવાસીઓએ પણ કોરોનાના સંક્રમણને ધ્યાને લઈ વિશેષ તકેદારી લીધી હતી.